## આવતીકાલનો ઉજાસ



**હિમાલી વિ પટેલ**
**ધોરણ-૯**
**સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ**
**(હાંસોલ)**

હિમાલી અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિશેષ ઋચિ ધરાવે છે. શાંત અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતી આ વિદ્યાર્થીની ડિબેટ, ક્વિઝ, ગીત, સંગીત તેમજ એન્કરીંગમાં પણ અગ્રેસર રહે છે. જ્યારે રમતગમત ક્ષેત્રે રેસ, રીલે દોડ, બાસ્કેટ બોલ, વોલીબોલ અને ખો-ખો જેવી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરે છે.

તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલમાં હિન્દી અને અંગ્રેજીમાં એન્કરીંગ કરી અવંતિકા રાજીવ ગાંધી એક્સલન્સી બેસ્ટ સ્ટુડન્ડ એવોર્ડનું સર્ટીફિકેટ તેણે હાંસલ કર્યું છે. ઉપરાંત નડિયાદ ખાતે આયોજિત વિદ્યાર્થી સ્પંદન ક્વિઝ સ્પર્ધામાં તેણે વિજેતાપદ મેળવ્યું હતું. ભવિષ્યમાં આઈએએસ બનવાની મહેચ્છા હિમાલી ધરાવે છે.

# ઍન્જિ-ફાર્મસીમાં ઑનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા ૧૪મીથી શરૂ

## હાલ ૨૦૩ કોલેજોમાં ૫૦૬૮૪ સીટ : ૩૦મી જુલાઈએ પ્રવેશ પ્રક્રિયા

અમદાવાદ, તા.૮

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું તા.૧૦મી મેના રોજ પરિણામ જાહેર થયા બાદ બીજા દિવસથી એડમિશન કમિટિ (એસીપીસી) દ્વારા ડિગ્રી એન્જિનીયરીંગ અને ડિગ્રી-ડિપ્લોમાં ફાર્મસીની ૫૦૬૮૪ બેઠકો માટે ૧૧મી મેના રોજથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં નિયત કરેલા સેન્ટર ઉપરથી બુકલેટ્સ અને પીન નંબરનું વિતરણ થશે. એડમિશન કમિટિ ફોર પ્રોફેશન કોર્સીસ (એસીપીસી) દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રાવહ પછીના એન્જિ. અને ડિગ્રી-ડિપ્લોમાં ફાર્મસીમાં પ્રવેશ માટે ૧૧મી મેથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરશે. હાલ એન્જિ.ની ૧૦૨ કોલેજોમાં ૪૩૯૪૩ બેઠકો, ફાર્મસીની ૯૧ કોલેજોમાં ૬૧૨૧ બેઠકો અને ડિપ્લોમાં ફાર્મસીની ૧૦ કોલેજોમાં ૬૨૦ બેઠકો મળી ૫૦૬૮૪ બેઠકો છે. આ બેઠકો માટે ૧૧મી મેથી ૪ જુન સુધી નિયત કરેલી પંજાબનેશન બેંકની શાખામાંથી બુકલેટ્સ અને પીન નંબરનું વિતરણ થશે. ૪ જુને પ્રોવિઝનલ સીટની યાદી અને ૬ જુને પ્રોવીઝનલ મેરીટ યાદી જાહેર થશે. ત્યારબાદ ૬થી ૧૧ જૂન મોકરાઉન્ડ-૧ અને ૧૪ જૂને તેનું પરિણામ જાહેર થશે.

૧૪થી ૨૦ જુન મોકરાઉન્ડ-૨ અને ૨૩મી જુને તેનું પરિણામ જાહેર થશે. ૨૫મી જુને ફાઈનલ મેરીટ યાદી જાહેર થશે. અને સંસ્થા તેમજ બેઠકોની પણ યાદી જાહેર થશે. ત્યારબાદ ૨૫થી ૩૦ જૂન દરમિયાન બેઠકોની પસંદગી કરવાની રહેશે. આમા કોઈ ભુલ હોય તો પહેલી અને બીજી જુલાઈ દરમિયાન એસીપીસીને જાણ કરવી. ફાઈનલ એલોટમેન્ટ યાદી ૫મી જુલાઈએ જાહેર થશે. ફાઈનલ યાદી જાહેર થયા બાદ ૫થી ૧૧ જુલાઈ વિદ્યાર્થીએ બેન્કમાં ફી જમા કરાઈ ઓરીજીનલ ડોક્યુમેન્ટ હેલ્થ સેન્ટરમાં જમા કરવવાનું રહેશે. ૧૨મી જુલાઈએ શૈક્ષણિક સત્રની જાહેરાત થશે. ૧૩મી જુલાઈએ નોન રિપોર્ટીંગ વિદ્યાર્થીને એસએમએસ કરાશે. જેમણે ૧૪મી જુલાઈએ રિપોર્ટીંગ કરવાનું રહેશે. ત્યારબાદ ૧૬મી જુલાઈએ બાકી બેઠકોની યાદી જાહેર થશે. આ બેઠકો માટે ૧૬થી ૨૦ જુલાઈએ બાકી વિદ્યાર્થીઓ બેઠકોની પસંદગી કરી શકશે. આમા ભૂલ હોય તો વિદ્યાર્થીઓ ૨૧મી જુલાઈએ એસીપીસીને જાણ કરી શકશે. એસીપીસી દ્વારા ૨૪મી જુલાઈ એલોટમેન્ટની બીજી યાદી જાહેર કરાશે. આ યાદી જાહેર થયા બાદ વિદ્યાર્થીઓએ ૨૪થી ૨૭મી જુલાઈ દરમિયાન બેન્કમમાં ફી ભરી હેલ્થ સેન્ટરમાં ઓરીજીનલ ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે. આમાં બાકી રહી ગયેલા એટલે કે નોન રિપોટીંગ વિદ્યાર્થીઓને એસએમએસ કરાશે. જેમણે ૨૯મી જુલાઈ સુધીમાં રિપોટીંગ કરવાનું રહેશે. આ પછી બેઠક ખાલી રહેશે તો પ્રવેશ પ્રક્રિયાનો બીજો તબક્કો યોજાશે.

# ખેલ મહાકુંભના ઍવોર્ડ વિતરણ માટે ખેલાડીઓની પ્રતીક્ષા

ગાંધીનગર, તા. ૮

રાજય સરકાર દ્વારા સતત ત્રીજા ખેલ મહાકુંભના આયોજનની તૈયારીઓ આરંભાઈ ચુકી છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી રાજયમાં રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ ગણાતા એવા જયદિપસિંહ બારીયા, સરદાર પટેલ અને એકલવ્ય એવોર્ડ દ્વારા રમતવીરોનું સન્માન રાજય સરકાર ત્રણ વર્ષથી કરવાનું ભૂલી હોય તેમ જણાય છે.

રાજય સરકાર દ્વારા રાજયના સિધ્ધિ પ્રાપ્ત રમતવીરોને જયદિપસિંહ બારીયા, સરદાર પટેલ અને એકલવ્ય એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવે છે. આ એવોર્ડ મેળવવો એ રાજયના રમતવીરો માટે ગૌરવની પળ હોય છે. રાજય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી સમાવિષ્ટ પત્રોમાં જાહેરાત આપી એવોર્ડ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. પરંતુ છેલ્લા ૩ વર્ષથી આ એવોર્ડ વિતરણ સમારોહ યોજાયેલ નથી.

રમતગમતના વિકલ્પ માટે રાજય સરકારે બે સફળ મહાકુંભનું આયોજન કરેલ છે. આચારસંહિતાના કારણે જૂન-જુલાઈમાં ખેલ મહાકુંભ યાજાશે. તેમ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ખેલ મહાકુંભના આયોજનને કારણે રમતગમતનો બહોળો પ્રચાર થયો છે. લોકોમાં જાગૃતિ આવી છે. ખેલ મહાકુંભની સ્પર્ધાઓ માત્ર રાજયકક્ષા સુધી જ મર્યાદિત છે. જેથી રાષ્ટ્રીય કક્ષાએ આ ખેલાડીઓને કોઈ તક મળતી નથી.

રાજય સરકાર ખરેખર રાજયમાં રમતગમતનો વિકાસ કરવા ઈચ્છતી હોય તો રમતગમતને અલગ વિભાગ રચવાની જરૂર છે.

## ટાગોર જ્યંતિએ ડૉ. કેશુભાઈ દેસાઈનો સાહિત્યિક પ્રવાસ

ગાંધીનગર, તા. ૮

કવિ કુલગુરૂ રવિન્દ્રનાથ ટાગોરની સાર્વ શતાબ્દી અને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સર્જકશ્રી પન્નાલાલ પટેલની જન્મ શતાબ્દી નિમિતે જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ જોધપુર(રાજસ્થાન) ખાતે બીકાનેરનાં હિન્દી કવિયત્રી સુ.શ્રી વત્સલા પાંડેયના બે કાવ્ય સંગ્રહો 'ચાણ અનમાણ ઈસી ખિડકી સે' તથા 'હમ બી કિસી બીજ મે'નું લોકાર્પણ કર્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈએ કવિયત્રીની ભાવાયત્રી પ્રતિભા વિશે વિગતવાર ચર્ચા કરતાં ઉમેર્યું હતું કે કવિ તો ઈશ્વરનો દૂત છે. બલકે એ પોતે જ ઈશ્વરનો ઘડવૈયો છે. આપણે ઈશ્વરને કવિની આંખથી જોઈએ છીએ. કપડવંજ ખાતે પુ.હ. સાર્વજનિક પુસ્તકાલયના ઉપક્રમે યોજાયેલ સુ.શ્રી પુષ્પાબેન ભટ્ટની વાસારિકાનું વિમોચન ડૉ. પ્રવીણ દરજી અને ડૉ. કેશુભાઈ દેસાઈએ સંયુક્ત રીતે કર્યું હતું. અને ડાયરી સાહિત્યમાં એમની કૃતિ 'અચલા નિવેદિતા'ને એક માઈનસ્ટોન ગણાવી હતી.

# કલાશિક્ષક સંઘ દ્વારા મહાસંમેલન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ખાતે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે કલા શિક્ષક સંઘ ગુજરાત રાજ્ય આયોજિત રાજ્યના ચિત્રકલાને લગતા પ્રાથમિક-માધ્યમિક, ફાઈન આર્ટ કોલેજના પ્રાધ્યાપકો, બેકાર એ.ટીડી. વિદ્યાર્થીઓને લઈને મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્રકલાના શિક્ષકોને અન્યાય ન થાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

છેલ્લા ૧૦ વર્ષથી ચિત્રકલા વિષયના શિક્ષકોની ભરતી બંધ છે. અને ગમે તે વિષયના શિક્ષકને તેના કાર્ય ભારને પૂર્ણ કરવા માટે ચિત્રકલાના વિષયને ફાળવી દેવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓને કલાના શિક્ષણમાં તૃપ્તી ન થયા તે સ્પષ્ટ છે. ચિત્રકલા સાથે સંકળાયેલા સંકળાયેલા ૫૦૦ થી વધારો મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મહાસંમેલનમાં ગુજરાત રાજ્યની પ્રાથમિક અને માધ્યમિકશાળાઓમાં ચિત્રકલા વિષયનું મહત્વ ઘટી રહ્યું છે. આ સંમેલનમાં શિક્ષણવિદોએ સરકારશ્રી ગુજરાત રાજ્યને આ ચિત્રકલા વિષયને અને ચિત્રકલાના શિક્ષકોને અન્યાય ના થયા તે માટે અનુરોધ કર્યો હતો. આ મહા સંમેલનમાં ઠરાવ પસાર કરીને માનનીય સરકારશ્રીને ધ્યાનમાં લાવીને ન્યાય મેળવવાની દૃઢ સંકલ્પ સાથે માંગણી કરી છે. મહાસંમેલનમાં માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી રમેશભાઈ, પૂર્વ પ્રમુખશ્રી બારોટ તથા વિદ્વાન સંયોજકશ્રી ચંપાવત અને કલાસંઘના પ્રમુખ પરેશભાઈ સેવક તથા પ્રવિણ સુથાર વગેરે વિદ્વાન ચિંતકો ઉપસ્થિત રહ્યા હતા. કલાશિક્ષક સંઘ દ્વારા મહા સંમેલન દ્વારા કેટલાક ઠરાવ પસાર કરીને સરકારને ધ્યાનમાં લાવીને યોગ્ય ન્યાય મળે તેવી આશા વ્યકત કરી હતી.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## તક્ષશિલા વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ | સોલંકી અશ્વિની આર | ૭૩.૨૭ |
| | ૨ | મકવાણા ભૂમિકા એ | ૬૬.૩૬ |
| | ૩ | બારીયા ક્રિષ્ના પી | ૬૫.૪૫ |
| ૨ | ૧ | રાઠોડ જીગર એમ | ૮૦ |
| | ૨ | દંતાણી ટીનુ કે | ૬૯.૮૧ |
| | ૩ | કાવેઠીયા અક્ષય વી | ૬૨ |
| ૩ | ૧ | રાઠોડ અજય એમ | ૯૦ |
| | ૨ | યાદવ મનીષા આર | ૮૦ |
| | ૩ | પટ્ટણી હેતલ આર | ૭૭ |
| ૪ | ૧ | વોરા ફરઝાના જે | ૮૪ |
| | ૨ | ઠાકોર કાજલ બી | ૮૨ |
| | ૩ | રાઠોડ નિકુંજ બી | ૭૮ |
| ૫ | ૧ | ઠાકોર સાહિલ એ | ૫૯.૮ |
| | ૨ | કાવઠીયા રીના વી | ૫૮ |
| | ૩ | ગોસ્વામી જયદીપ બી | ૪૬.૮૨ |
| ૬ | ૧ | યાદવ મમતા આર | ૬૧.૭૭ |
| | ૨ | વાલ્મિકી ચિરાગ બી | ૫૬.૮૮ |
| | ૩ | બારીયા નિકુંજ પી | ૬૮.૫૫ |
| ૭ | ૧ | ગરાસિયા અનીતા આર | ૮૯ |
| | ૨ | સોલંકી દિપ્તી આર | ૮૧ |
| | ૩ | પાટીલ અક્ષય આર | ૫૬ |
| ૮ | ૧ | પટેલ મિતેશ જે | ૭૯.૯ |
| | ૨ | બારીયા મીનાક્ષી પી | ૭૪.૬ |
| | ૩ | વાઘેલા અમીત એચ | ૭૪.૫ |
| ૯ | ૧ | વર્મા નિર્મળાબેન પી | ૭૬.૫૭ |
| | ૨ | અરી નાજીમાબાનુ એ | ૭૪.૮૫ |
| | ૩ | કછોટ ફિરદોસ વાય | ૭૩.૫૭ |

## સરસ્વતી વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | ચૌહાણ સ્વાતિ વિજયકુમાર | ૯૮.૫ |
| | ૨ | પટેલ જયશ્રી અનંતકુમાર | ૯૩.૫ |
| | ૩ | ભટ્ટ પ્રિતી કુમારભાઈ | ૯૦.૫ |
| સિકેજી | ૧ | સુતરિયા ભૂમિ રમેશકુમાર | ૯૮.૫ |
| | ૨ | સોની પર્વ હિમાંશુભાઈ | ૯૮ |
| | ૩ | ગોસ્વામી જિનાલી કમલેશગીરી | ૯૬.૫ |
| ૧ | ૧ | મનસુરી આશિયાનાબેન જે | ૯૦.૩ |
| | ૨ | વાઘેલા ધનરાજસિંહ રોહિતસિંહ | ૮૯.૩ |
| | ૩ | મનસુરી સરફરાજ ઈકબાલભાઈ | ૮૮.૮ |
| ૨ | ૧ | રાઠોડ પ્રિશા પ્રવિણભાઈ | ૯૧.૩ |
| | ૨ | વાઘેલા યશ નટવરભાઈ | ૮૯.૮ |
| | ૩ | પ્રજાપતિ નિરાલી અરવિંદભાઈ | ૮૯.૭ |
| ૩ | ૧ | રાવલ કથન બિપીનભાઈ | ૮૮.૨ |
| | ૨ | અસારી નિશાબેન તુષારભાઈ | ૮૭.૮ |
| | ૩ | દીવાન શીફાબાનુ શબ્બીરહુસેન | ૮૬.૨ |
| ૪ | ૧ | રાઠોડ ઋત્વિકા પ્રવિણભાઈ | ૯૨.૮ |
| | ૨ | સોલંકી મયુરધ્વજસિંહ ગોપાલસિંહ | ૮૫.૮ |
| | ૩ | ચોવલિયા હાર્દિક અશ્વિનભાઈ | ૮૫.૭ |
| | ૩ | સોલંકી જીનેન્દ્ર નરેન્દ્રભાઈ | ૮૫.૭ |
| ૫ | ૧ | ચૌધરી રક્ષા દલસંગભાઈ | ૯૦ |
| | ૨ | અસારી કિંજલ તુષારભાઈ | ૮૭.૬ |
| | ૩ | પટેલ હિના અનંતભાઈ | ૮૪ |
| ૬ | ૧ | રાઠોડ કિન્નરી એચ | ૮૭.૬ |
| | ૨ | ચાવડા રોનક ડી | ૮૭.૩ |
| | ૩ | રાઠોડ નિરવ એન | ૮૦ |
| ૭ | ૧ | પટેલ વિરાજ ડી | ૯૨ |
| | ૨ | ચૌહાણ ઋત્વિક પી | ૯૧.૮ |
| | ૩ | દરજી હિમાંશી ડી | ૮૯.૩ |
| ૮ | ૧ | પટેલ અજય ગોવિંદભાઈ | ૮૦.૮ |
| | ૨ | ડામોર હર્ષ મગનભાઈ | ૭૬.૮ |
| | ૩ | ગુર્જર જયમીન બળદેવભાઈ | ૭૬.૩ |

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૯ | ૧ | સોલંકી ધરતી પી | ૮૨.૪ |
| | ૨ | શ્રીમાળી પૃથ્વીરાજ એમ | ૮૨.૧ |
| | ૩ | સોલંકી દિવ્યા એ | ૮૧.૪ |

## આરાધના વિદ્યાવિહાર

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ | દરજી દિશા મુકેશભાઈ | ૯૬.૮૩ |
| | ૨ | ચાવડા મહાવીર નિહાલસિંહ | ૯૬.૫ |
| | ૩ | ગોહિલ મનિષા ઉદેસિંહ | ૯૫.૬૭ |
| ૨ | ૧ | દરજી હર્ષ જિતેન્દ્રભાઈ | ૯૬ |
| | ૨ | રાઠોડ માનસી કાળુભાઈ | ૯૫.૮૩ |
| | ૩ | પટેલ શીવ ગૌતમભાઈ | ૯૫.૫૦ |
| ૩ | ૧ | રાઠોડ ભાવિની અતુલભાઈ | ૯૫.૫ |
| | ૨ | લાડ ઈશા કિરણભાઈ | ૯૪.૫ |
| | ૩ | પ્રજાપતિ સ્નેહા અરવિંદભાઈ | ૯૩.૮ |
| ૪ | ૧ | ચાવડા પિનલ નિહાલસિંહ | ૯૬.૨૫ |
| | ૨ | રાઠોડ વિશ્વરાજ લાલસિંહ | ૯૬ |
| | ૩ | કાપડિયા હર્ષ પંકજભાઈ | ૯૨.૧૩ |
| ૫ | ૧ | પુરોહિત આસ્થા અશોકભાઈ | ૯૪.૨૨ |
| | ૨ | રાઠોડ હર્ષપાલ લાલસિંહ | ૯૧.૨૨ |
| | ૩ | દરજી દિપાલી જિતેન્દ્રકુમાર | ૮૯.૪૪ |
| ૬ અ | ૧ | દરજી હેલી દિપકભાઈ | ૯૪.૧ |
| | ૨ | પટેલ સ્મિત બાબુભાઈ | ૯૧.૧ |
| | ૩ | વસાવા દિશા બટેસિંહ | ૮૭.૪ |
| ૬ બ | ૧ | કટારા કલ્પેશ ભરતભાઈ | ૯૦.૩ |
| | ૨ | દેસાઈ ઉમંગ લલ્લુભાઈ | ૮૮.૭ |
| | ૩ | ચૌહાણ ઐશ્વર્યા સતિષભાઈ | ૮૬.૪ |
| ૭ અ | ૧ | આસોડિયા સૌમિલ કિરીટભાઈ | ૯૩.૯ |
| | ૨ | બારિયા રાહુલ પ્રવિણસિંહ | ૯૦.૯ |
| | ૩ | મોદી ધૃવિલ રાજીવકુમાર | ૮૯.૯ |
| ૭ બ | ૧ | પરમાર દિવ્યા મણીલાલ | ૯૨.૭ |
| | ૨ | બારીયા અજીત હિંમતસિંહ | ૮૫.૨ |
| | ૩ | પટેલ ધરા રસિકભાઈ | ૮૩.૧ |
| ૮ | ૧ | રેડ્ડી નિર્મલા ત્રિમૂર્તિ | ૮૦.૬ |
| | ૨ | કાનાણી ભાવિક ચતુરભાઈ | ૮૩.૦૨ |
| | ૩ | જાદવ ભાવેશ મહેશભાઈ | ૮૦.૫ |
| ૯ એ | ૧ | માછી તરૂણકુમાર લક્ષ્મણભાઈ | ૯૮.૫૩ |
| | ૨ | ચૌહાણ જયેન્દ્રસિંહ રતનસિંહ | ૯૭.૦૬ |
| | ૩ | વસૈયા નીતિનભાઈ બાબુભાઈ | ૯૫.૫૯ |
| ૯ બી | ૧ | રાઠોડ હેમેન્દ્ર ભુપેન્દ્રસિંહ | ૯૮.૫૩ |
| | ૨ | દંતાણી અજય કીનુભાઈ | ૯૭.૦૬ |
| | ૩ | ઠક્કર વિજયકુમાર જનકકુમાર | ૯૫.૫૯ |
| ૯ સી | ૧ | પરમાર નવનીતભાઈ ખાનાભાઈ | ૯૮.૬૩ |
| | ૨ | અમીન હિમાંશુ વિનોદકુમાર | ૯૭.૨૬ |
| | ૩ | ચૌધરી હિતેશકુમાર રમેશભાઈ | ૯૫.૮૯ |
| ૯ ડી | ૧ | માલી હિતેશકુમાર માનાભાઈ | ૯૮.૫૩ |
| | ૨ | દેસાઈ સુજલકુમાર શંભુભાઈ | ૯૭.૦૬ |
| | ૩ | ચૌધરી વશરામભાઈ મસેંગાભાઈ | ૯૫.૫૯ |
| ૧૧ અ | ૧ | ભામાણી નંદાભાઈ બાવલભાઈ | ૬૮.૭૭ |
| | ૨ | ભગોરા પ્રિતેશકુમાર નવજીભાઈ | ૬૫.૨૨ |
| | ૩ | સોલંકી હાર્દિકકુમાર બાબુભાઈ | ૬૫ |
| ૧૧ બ | ૧ | રથવી ધર્મેશકુમાર જેસંગભાઈ | ૬૭.૪૪ |
| સા પ્ર | ૨ | ચાવડા વિનોદભાઈ સનાભાઈ | ૬૩.૧૧ |
| | ૩ | વણકર વૈશાલી ડાહ્યાભાઈ | ૬૨.૫૫ |
| ૧૧ ક | ૧ | ડામોર પ્રિતીબેન ભરતભાઈ | ૭૫.૫૫ |
| સા પ્ર | ૨ | સેલડીયા રાજેશ લાલજીભાઈ | ૭૨.૫૬ |
| | ૩ | કાપડીયા સ્નેહા પંકજભાઈ | ૭૦.૨૨ |
| ૧૧ ડ | ૧ | રામ રાજેશકુમાર મસરીમભાઈ | ૭૭.૫૫ |
| સા પ્ર | ૨ | પરમાર પ્રકાશકુમાર મૂળજીભાઈ | ૭૩.૮૮ |
| | ૩ | પટેલ આકાશ રસિકભાઈ | ૬૭.૪૪ |
| ૧૧ ઈ | ૧ | અંસારી મોહમ્મદઅલ્તાફ નૈમુદીન | ૭૦.૧૧ |
| સા પ્ર | ૨ | મેડા અજયકુમાર સન્નુભાઈ | ૬૬.૮૯ |
| | ૩ | સોલંકી હિતેન કાળાભાઈ | ૬૬.૬૭ |

# સૌથી વધુ સર્જનાત્મક ઉન્મેષો દાખવવું જોઈએ એવું ક્ષેત્ર શિક્ષણનું છે છતાં આજે એ હૉસ્પિટલના બિછાને પડેલા દર્દી જેવું માયકાન્ગલું થઈ ગયું છે

## એક બાજુ શિક્ષકોને ફાજલ કરવામાં આવી રહ્યા છે અને બીજી બાજુ શિક્ષકોની ભરતી માટે પરીક્ષા લેવામાં આવી રહી છે, આ વાત કંઈ સમજાતી નથી

**યુથ કેમ્પસ - ધ્વનિલ પારેખ**
gsrelation@yahoo.com

હમણાં જ 'ટેટ'ની પરીભા પૂરી થઈ. શાળામાં શિક્ષક તરીકે નોકરી મેળવવી હોય તો આ પરીક્ષા આપવી જરૂરી છે. તમારી પાસે બીએ બીએડની ડિગ્રી હોય પછી પણ આ પરીક્ષા પાસ કરવી અનિવાર્ય છે. આમ તો યુજીસીએ 'નેટ'ની પરીક્ષા ઘણા વર્ષોથી દાખલ કરી છે. કૉલેજ કે યુનિવર્સિટીમાં અધ્યાપક બનવા માટે આ 'નેટ'ની પરીક્ષા પાસ કરવી જરૂરી છે. એમાં એક સુવિધા પણ છે કે જુનિયર રીસર્સ ફેલોશીપ - જેઆરએફ પાસ કરનારને સંશોધન માટે ચારેક વર્ષ સુધી સારી એવી રકમ સ્કોલરશીપ રૂપે આપવામાં આવે છે.

'ટેટ' હોય કે 'નેટ' એની પાછળનો જે હેતુ છે તે ઉમદા છે. ઉત્તમ શિક્ષકો અને અધ્યાપકો શિક્ષણ ક્ષેત્રે દાખલ થાય એવો હેતુ એની પાછળ રહેલો છે. પણ આપણે ત્યાં મોટી મુશ્કેલી એ છે કે હેતુ ભલે ઉમદા હોય પણ એની પાછળની પ્રક્રિયા અને પરિણામ એવા ત્રાસદાયક હોય છે કે ઉમદા હેતુવાળાં કાર્યો પણ તૂત જ લાગે. અખબારોમાં જે વિગતો વાચવા મળી છે એ પ્રમાણે એક બાજુ શાળામાં શિક્ષકો ફાજલ પડી રહ્યા છે અને બીજી બાજુ નવા શિક્ષકોની ભરતી કરવા માટે 'ટેટ'ની પરીક્ષા લેવામાં આવે છે. લાગે છે ને વિરોધ! કૉલેજ કે યુનિવર્સિટીનું પણ કૈંક આવું જ છે. અધ્યાપકોની ભરતી થતી નથી અને વર્ષમાં બે વાર જૂન અને ડિસેમ્બરમાં 'નેટ'ની પરીક્ષા નિયમિત રીતે લેવામાં આવે છે. (નિયમિત રીતે અધ્યાપકોની ભરતી પણ થતી હોત તો કેવું સારું!) છતાં ભવિષ્યમાં ક્યારેક તો ભરતી થશે ને એ આશયે યુવાનો નેટ અને ટેટની પરીક્ષા આપ્યે રાખે છે. (હા ભાઈ, આશા અમર છે વાળી વાત તો આ લોકોને જોઈને સાચી જ લાગે છે. ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં કદાચ ભરતી થતી પણ હોય. ગુજરાતમાં સાવ બંધ છે એવું પણ નથી પણ હા, ભરતી પ્રક્રિયા અતિ મંદ છે.)

મુદ્દો એ છે કે આ પ્રકારની પરીક્ષા લેવાની જરૂર શા માટે ઊભી થઈ ? શાળામાં શિક્ષક બનવા માટે જુદા જુદા સ્તરે પીટીસી, બીએ બીએડ, એમએ બીએડ, એમએ એમએડ વગેરે લાયકાતનાં ધોરણો નક્કી કર્યા છે પછી આ તૂત શા માટે ? આ લાયકાતનાં ધોરણો પણ જે તે શિક્ષણ સાથે સંકળાયેલી વ્યક્તિઓ કે સંસ્થાઓએ જ નક્કી કર્યાં હોય છે પછી આ બીજી પરીક્ષા શું કામ ? કૉલેજમાં અધ્યાપક બનવા માટે અનુસ્તાનક કક્ષાએ પંચાવન ટકા ગુણ હોવા જરૂરી છે એવું એક વખત ધોરણ નક્કી કર્યા પછી ધોરણ પર ધોરણ લડવાની આવશ્યકતા શા માટે ઊભી થઈ ? આ આખીય પ્રક્રિયાનો એક અર્થ એ નીકળે છે કે જે લાયકાત નક્કી કરી હતી એ પૂરતી નથી. એ લાયકાતના આધારે જે ભરતી શાળા કૉલેજોમાં થઈ હતી એની સામે ઘણો બધો અસંતોષ ઊભો થયો હતો અને એને કારણે શિક્ષણનું સ્તર દિવસે ને દિવસે કથળતું જતું હતું. એવી વ્યાપક ફરિયાદો ચોમેરથી ઊઠવા પામી હતી. એક વાતનોત સ્વીકાર કરવો પડે કે શિક્ષણ એક કળા છે અને એને ધંધો બનાવવા માગતા હોય એણે અન્ય ધંધાનો વિચાર કરવો જોઈએ, શિક્ષણનું ક્ષેત્ર એણે પ્રદૂષિત ન કરવું જોઈએ. ધંધો કરવાની નેમ લઈને આ ક્ષેત્રમાં દાખળ થનારા કે સૂંઠનાં ગાંગડે ગાંધી બનનારા કે શિક્ષણને બોડી બામણીનું ખેતર સમજીને ચરવા નીકળી પડનારને આ પરીક્ષા અટકાવી શકે અને કૈંક લાયકાત, ગુણવત્તાવાળા લોકો આ ક્ષેત્રમાં દાખલ થાય એવો એક હેતુ પણ ટેટ અને નેટની પાછળ રહ્યો છે અને એટલે આ પ્રકારની વધારાની પરીક્ષાની આવશ્યકતા ઊભી થઈ છે.

લાયકાત, ગુણવત્તાની વાત તો સમજાય એમ છે પણ એક બાજુ શિક્ષકોને ફાજલ કરવામાં આવી રહ્યા છે અને બીજી બાજુ શિક્ષકોની ભરતી માટે પરીક્ષા લેવામાં આવી રહી છે, આ વાત કંઈ સમજાતી નથી. જો નવી ભરતી ન થવાની હોય, પહેલા ફાજલ પડેલા શિક્ષકોને સમાવવાની વાત હોય તો હમણાં પરીક્ષા લેવાની જરૂર નથી. જ્યારે જરૂર હોય ત્યારે આયોજન કરી શકાય. (એવી જરૂર વારંવાર ઊભી થાય તો સારું !) દર વર્ષે અનુસ્તાનક થઈને નેટની પરીક્ષા પાસ કરનારા ક્યારે કૉલેજમાં અધ્યાપન કાર્ય કરવા મળશે એની રાહ જોતા ટ્યુશન કરીને કે પછી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજમાં નજીવા પગારે પોતાનું ગાડું ગબડાવી રહ્યા છે. ગુણવત્તા સુધારવા માટે એક નહીં બે પરીક્ષા લેવામાં આવે એની સામે વાંધો નથી પણ એ પરીક્ષા પાસ કર્યા પછી પણ ઘરે બેસીને મંજીરા વગાડવાના હોય તો એ આખા આયોજન સામે મોટો પ્રશ્નાર્થ મૂકે છે.

શાળા કૉલેજોમાં અત્યારે વૅકેશનનો માહોલ છે. નવા સત્રથી નવા ખાંચાઓ સાથે કૉલેજો અને શાળાઓ શરૂ થશે ત્યારે પણ શિક્ષણના ક્ષેત્રે પણ અનેક પ્રશ્નો યથાવત્ રહેવાના છે. નવું સત્ર શરૂ થાય છે એટલે અભ્યાસક્રમ બદલવા અને વર્ષ બદલવા સિવાય બીજું બદલાય પણ શું છે ? સૌથી વધુ સર્જનાત્મક ઉન્મેષો દાખવવું જોઈએ એવું ક્ષેત્ર આ છે છતાં આજે એ હૉસ્પિટલના બિછાને પડેલા દર્દી જેવું માયકાન્ગલું થઈ ગયું છે. ક્યાંક આપણી નીતિઓ તો એ માટે જવાબદાર નથી ને ? જો નીતિઓ જવાબદાર હોય તો એ નીતિઓ વિશે વિચારવાનો સમય પાકી ગયો છે. શિક્ષણનું ક્ષેત્ર જેટલું સમૃદ્ધ કરવામાં આવે, સરવાળે ફાયદો આપણને જ થવાનો છે. આપણું બુદ્ધિધન થોડાં વર્ષો ભારતમાં રહીને પછી વિદેશની સફરે ઉપડી જાય છે અને પછી ત્યાંનું રહેવાસી થઈ જાય છે એવી વ્યાપક ફરિયાદ પણ ઊઠે છે. આવી ફરિયાદોનો અંત લાવવા માટે પણ નીતિઓ વિશે નીતિપૂર્વક વિચાર કરવો રહ્યો.



